# મુનશીની કલમનો જાદુ

**વર્ષા અડાલજા**

એક કાળે ગુજરાતમાં એવો ભાગ્યે જ કોઈ યુવાન હશે જેણે મંજરીને પોતાની હૃદયસમ્રાજ્ઞી ન બનાવી હોય અને યુવતીઓ તો કાક પાછળ ઘેલી ઘેલી (અને હું પણ એમાંની એક). શું એનાં પરાક્રમો અને શૂરવીરતા ! જે છટાથી ઘોડો દોડાવે કે પવનનેય હંફાવે.

એ મુનશીની કલમનો જાદુ. જાણે રીતસર ગુજરાતને માથે કલમ નામની છડી ફેરવી ભૂરકી નાંખી.

હંમેશા સંધિકાળે આકાશમાં તારો ઝીણું ઝબૂકે છે તે ધૂસર, ફિક્કો લાગતો હોય છે – જાણે દેદિપ્યમાન તેજોમય આકાશમાં એ ઝાંખો પડી ગયો છે.

પણ ગાંધી-ગોવર્ધનનાં પ્રચંડ પ્રતાપી તેજમાંય મુનશી નામના સિતારાએ સબળે, સ્વતેજે એવું તેજોવલય રચી દીધું એટલું જ નહીં, સમગ્ર ગાંધીયુગ દરમિયાન અને સ્વાતંત્ર્ય પછી પણ એ તારો સ્થિરતેજે પ્રકાશી રહ્યો, અદ્યપિ.

૧૮૮૭ના ડિસે.ની તારીખ ૩૦. ગામ ભરૂચ, સ્થળ મુનશીનો ડેલો. મોટા ઘરની આથમતી જાહોજલાલીને ટાણે, ચાર બહેનોનો ભાઈ કનૈયાલાલ – કનુનો જન્મ. (મોહન – ગોવર્ધન – કનૈયો કેવી અજબ ત્રિપુટી ! ભરૂચની શેરીમાં રમતાં-ભણતાં, મોટો થતાં ભૃગુકુલગૌરવનો વારસદાર કૉલેજમાં પ્રવેશે છે ત્યાં જ પિતાનું મૃત્યુ. ૧૯૦૦માં એ સમયની પરંપરા મુજબ કનૈયાલાલનાં લગ્ન અતિલક્ષ્મી સાથે થઈ ગયાં હતાં. એણે પ્રણયની વસંતનો, હજી કોયલનો ટહુકાર જ સાંભળ્યો છે. કલ્પનાની પ્રિયતમાની મૂર્તિ હજી પૂરી ઘડાઈ પણ નથી એનો ખટકો મનમાં છે.

પિતાના મૃત્યુથી આર્થિક ભીંસમાં મુનશી પોતાના તુંબડે તરતા શીખી ગયા અને એવો પ્રચંડ પુરુષાર્થ કર્યો કે સાંકડી નેળમાંથી એમણે હોડી કાઢી અને સાતેય સઢ ખોલી મધદરિયે ઝુકાવી. સિલકમાં બી.એ.ની ડિગ્રી, રાષ્ટ્રોન્નતિ, દેશદાઝના વિચારો, આંખોમાં થોકબંધ સપનાં અને હૈયામાં હામ લઈ વડોદરાનું સુરસાગર તળાવ છોડી, હિલોળા લેતા અરબી સમુદ્રને કાંઠે મુંબઈ નસીબ અજમાવવા આવી પહોંચ્યા.

સ્વપ્નદ્રષ્ટા મુનશી જીવનસફરના માઈલસ્ટોન એક પછી એક નક્કી કરતા જાય છે.

વકીલ બનવું છે પણ મુંબઈમાં પગ ક્યાં મૂકવો ? (મુંબઈગરાઓમાં ઉક્તિ બહુ પ્રચલિત છે : મુમ્બાદેવીમા રોટલો દ્યે પણ ઓટલો નહીં.) ગિરગામ વિસ્તારમાં, પહેલાં પીપલવાડીમાં (આજે પણ ખોબા જેવડી રૂમ, મુંબઈની ભાષામાં ખોલીઓથી ખીચોખીચ

ભરેલો માળો) રહ્યા પછી કાંદાવાડીમાં કાનજી ખેતશીની ચાલીમાં ઓરડી મળે છે. અહીં એક આડવાત કરવાનું મન થાય છે... આ જ એરીયામાં મારા બા – સાસુ રહેતાં હતાં અને મહેન્દ્રએ મને આંગળી ચીંધી બતાવેલું, આ ગુજરાતના નાથનું ઘર.

નાના ગામનો, ઓથ વિનાનો યુવાન, પાઈ પાઈની કરકસર કરી વકીલ બને છે અને ઉછીનો કાળો કોટ પહેરી મુંબઈની કોર્ટનાં પગથિયાં ચડે છે – એકથી વધુ અર્થમાં. એ યુવાન શહેરનો નહીં પણ દેશનો સર્વોચ્ચ ધારાશાસ્ત્રી બને છે. સાહિત્યસંસ્થાઓના ગાઢ પરિચયમાં આવે છે, 'સ્ત્રી બોધ' સામયિકમાં ટૂંકી વાર્તા લખી નાખે છે, 'મારી કમલા.' ઘનશ્યામ વ્યાસને નામે. એય નામ તો કનૈયાનું જ ને ! એમને એમ હશે કે વકીલાત જામી રહી છે ત્યાં સાહિત્યવાર્તાના લફરામાં ક્યાં પડવું ? એટલે મુનશી ઘનશ્યામ બની ગયા હશે, તખલ્લુસનો છૂપાછૂપીનો ખેલ એના કરતાં સારો. પાછો ચૌદ આને કૉલમનો લોભ પણ ખરો સ્તો !

પણ એમણેય નહીં ધાર્યું હોય, નવલકથા પ્રસિદ્ધ થતાં જ વાચકો ઓવારી ગયા. ઘનશ્યામનો અંચળો ફગાવી મુનશી પ્રગટ થઈ ગયા અને અત્યંત લોકપ્રિય નવલકથાઓની હારમાળા પ્રગટ થવા લાગી. મમ્મટ જેવા શાસ્ત્રકારે પણ કહ્યું છે यशसे – યશ માટે પણ સર્જન થતું હોય છે. ત્યારે મુનશી પર તો સુગંધી પુષ્પોની વૃષ્ટિ જ થઈ. કાક-મંજરીનો પ્રેમ ultimate ગણાવા માંડ્યો. મુનશીની કીર્તિસ્તંભ પર સોલંકીયુગની નવલત્રયીએ સાત ગજની ધજા ચડાવી દીધી.

લોકમાનસનું ઝીણવટભર્યું અવલોકન અને આલેખન, ઉત્કટ પ્રણયરાગ, દેશદાઝ અને વતનપરસ્તી, યુગકથા 'સરસ્વતીચંદ્ર'ને પડછે ધસમસતો કથાવેગ, અશ્વની તેજીલી રફતાર જેવી પ્રસંગપરંપરા, સંવાદની અફલાતૂન કળા, સાહસ-શૌર્યભર્યા પ્રતાપી પાત્રોનું સર્જન અને તેમાંય ઘાટપ્રગલ્ભ અને મુક્તમને પ્રેમની અધિકારપૂર્વકની માગણી કરતાં પ્રણયક્રીડામાં ગૂંથાતાં પાત્રો – આ સઘળું ઘૂંટીને અજબ કથારસનો અલખો મુનશીએ ગુજરાતને પાયો.

કથામાં લાંબાં સંસ્કૃતપ્રચુર વર્ણનો નહીં, ઉપદેશ તો નહીં જ, વાર્તાબંધ ચુસ્ત (શાબ્દિક રીતે પણ જોજો ''ગુજરાતનો નાથ''માં 'ઝપાટાબંધ' શબ્દ કેટલી વાર આવે છે ! ગણી જોજો ને !), નાના ટૂંકા ધારદાર સંવાદો, ગદ્યની અદ્ભુત છટાઓ અને વાગ્ભંગિઓ – એમની ગદ્યશૈલીનો છાક ન ચડે તો જ નવાઈ.

પુસ્તક હાથમાં લીધું કે જાણે વાચકને બાનમાં લીધો, 'ઝપાટાબંધ' એ પૂરું કર્યે જ છૂટકો.

સાહિત્યની અનેક ધારાઓમાં મુનશીએ લખ્યું. જેમની નવલકથાઓમાં પણ ભરપૂર નાટ્યતત્ત્વ હોય, છટાદાર વેધક સંવાદ હોય તે વળી નાટક લખ્યા વગર રહે !

એક અંગત અનુભવની આડવાત. મુનશીજીના ૭૫મા વર્ષની ઉજવણીના ભાગ રૂપે ભારતીય વિદ્યાભવનના કલાકેન્દ્ર તરફથી ''કાકાની શશી'' ભજવેલું. હું શશીનું

અને મધુકર રાંદેરિયા કાકાનું પાત્ર ભજવે. અહીં મર્ઝબાન ડાયરેક્ટર. અમે શશીના જન્મદિનની પાર્ટીનો સીન નાટકમાં રાખેલો. પહેલી જ હરોળમાં મુનશીજી, તેમની પાછળ તેમના એ.ડી.સી. સ્ટાફ સાથે બેઠેલા. મુનશીજીને લીધે ઘણી પ્રખ્યાત હસ્તીઓ પણ દર્શકોમાં. નવીનભાઈ ખાંડવાલા (પ્રદીપ ખાંડવાલાના પિતા) અને જ્યોતીન્દ્ર દવે પહેલી હરોળમાં. ચાલુ સીને હું ઊતરી પડી નીચે અને બંનેને સ્ટેજ પર લઈ ગઈ શશીની પાર્ટીમાં સામેલ થવા. એક્સટેમ્પોર સીન. હસીમજાકની રમઝટ અને દૃશ્ય શું જામ્યું ! હજી મુનશીજીની છબી નજર સામે દેખાય છે... શું પર્સનાલિટી ? એક તો એમના નામનું આભાવર્તુળ. આકર્ષક વ્યક્તિત્વ. તીક્ષ્ણ નાક, સફેદ ઝગમગતાં કડક ઇસ્ત્રીદાર વસ્ત્રો, ચાંચવાળી ટોપી. પછી ઘણી જગ્યાએ શોઝ કર્યા, બધે જ મુનશીજીનાં કલાકારો તરીકે અમારાં માનપાન. મહાદેવ ભેગા પોઠિયા પૂજાય તે આનું નામ.

एकोहम् बहुस्याम्ની જેમ મુનશીએ એમના દીર્ઘ જીવનકાળમાં કેટકેટલી પ્રવૃત્તિઓ કરી અને બધાં જ ક્ષેત્રોમાં જ્વલંત સફળતા મેળવી.

ગાંધી – સરદાર – નહેરુ સાથેના સંબંધો છતાં કૉંગ્રેસના વિરોધમાં સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી. તેમને એવી એવી જવાબદારીઓ સોંપાઈ કે તેની યાદી કરીએ તો લાંબી થાય. હજી સુધી એવો ગુજરાતી નેતા થયો નથી જેનું ગુજરાતમાં તો ઊપજે પણ દેશના રાજકારણમાંય માનભર્યું સ્થાન હોય ! કેવા કેવા ઉચ્ચ હોદ્દા પર તેમની નિયુક્તિ થઈ ! સરકારનાં એજન્ટ તરીકે હૈદરાબાદનું કોકડું ઉકેલવાનું હતું, તેય જાનને જોખમે. દેશના બંધારણમાં પણ મહત્ત્વપૂર્વકની ભૂમિકા અને ભગવાન સોમનાથની પ્રાણપ્રતિષ્ઠા, ભારતના રાષ્ટ્રપતિની જોડાજોડ બેસીને કરી.

મુનશીએ 'અસ્મિતા' શબ્દની ભેટ તો આપી પણ પ્રજાને પોતાના દેશનું, સંસ્કૃતિનું દર્શન થાય, ગુજરાતીઓમાં ભરતખંડની એક વિશિષ્ટ સાંસ્કૃતિક વ્યક્તિત્વવાળી પ્રજા તરીકેનું આત્મભાન જગાડવાનો ભારે પુરુષાર્થ કર્યો તે મુનશીની દેન.

આજની સાંપ્રત પરિસ્થિતિમાં પણ તેનું મૂલ્ય શું ઓછું છે !